મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૭ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલમાં આઠ માસમાં ૩.૫૦ લાખ દર્દીઓને સારવાર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બન્યા બાદ દર્દીઓનો ધસારો સિવિલમાં વધુ રહે છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે સિવિલમાં છેલ્લા આઠમાસમાં વિવિધ ઓપીડીમાં થઈને કુલ ૩,૫૬,૦૯૪ દર્દીઓએ સારવાર લીધી છે. જયારે આઠ માળની ઈન્ડોર ઈમારતમાં ૩૧૯૨૫ દર્દીઓએ સારવાર તેમજ ૩૬૫૭ મહિલાઓની ડીલીવરી થવા પામી છે.

ગાંધીનગર સિવિલ કોર્પોરેટ લુક ધરાવતી તેમજ આધુનિક ઢબથી તૈયાર કરવામાં આવી છે. આ સિવિલના નિર્માણ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સરકારી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ થકી દર્દીઓ માટે સિવિલ હોસ્પિટલ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. પાંચ માળની ઓપીડી તેમજ આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ ઉભી કરાઈ છે. જેમાં વિવિધ ઓપીડી બિલ્ડીંગમાં દર્દીઓની સારવાર કરવાં આવે છે. જેમાં આઈ, ઓર્થોપેડીક, પિડીયાટ્રીક, મેડીસીન, ગાયનેક, સર્જીકલ, ઈએનટી, સ્કીન, ડેન્ટીસ્ટ, ચેસ્ટ ટીબી સહિતની ઓપીડીનો સમાવેશ થાય છે. તમામ વિભાગની ઓપીડી દર્દીઓથી ઉભરાય છે ત્યારે છેલ્લા આઠમાસમાં ૩.૫૬.૦૯૪ દર્દીઓએ લાભ લીધો છે. જયારે સૌથી વધુ દર્દીઓ ઓકટોબર માસમાં નોંધાયા છે. જયારે સૌથી ઓછા દર્દીઓ મે માસમાં નોંધાવા પામ્યા છે. જયારે ઈન્ડોર રાખીને ૩૧૯૨૫ દર્દીઓને સારવાર આપી સ્વસ્થ કરવામાં આવ્યા છે. જિલ્લાભરમાંથી સગર્ભા મહિલાઓ ગાંધીનગર સિવિલમાં વધુ આવે છે. ત્યારે આઠમાસમાં ૩૬૫૭ ગાયનેક વિભાગમાં ડીલીવરી થવા પામી છે. જેમાં ઓગસ્ટમાં સૌથી વધુ ડિલીવરી થવા પામી છે. ગાંધીનગર સિવિલમાં આરોગ્યલક્ષી સારવાર મળતા દર્દીઓનો ઝોંક વધવા પામ્યો છે. ગાંધીનગર જિલ્લાના તેમજ આસપાસના વિસ્તારના દર્દીઓ માટે સિવિલ આશિર્વાદરૂપ બની રહી છે.

શ્રાધ્ધ પક્ષ દરમિયાન પરંપરા મુજબ નાગરીકો ભોજન કે સીધાનું દાન કરતા હોય છે. ભારતીય સંસ્કૃતિનું પિતૃપક્ષનું અનેરું મહત્વ રહેલું હોય છે. ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા મુક-બધિર વિદ્યાલય સે-૨૮ અને માનવ સેવા માનસિક વિકલાંગ શાળા સરગાસણ ખાતે શ્રાધ્ધ પક્ષની અમાસના દિવસે ૧૨૦ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને નાસ્તો તેમજ જીવન જરૂરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં ભારત વિકાસ પરિષદની ૨૦ બહેનો જોડાઈ હતી.

પુષ્ટિ માર્ગીય વિવિધ સ્પર્ધાઓમાં સ્ત્રોત પઠનમાં રાજય કક્ષાએ વિજેતા

ગાંધીનગર, તા.૨૦

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની ગુજરાત રાજયની તમામ શાખાઓની વિવિધ સ્પર્ધા તા. ૧૦-૯-૨૦૧૭ના રોજ વડોદરા ખાતે યોજાઈ હતી. જેમાં સ્ત્રોત પઠનમાં ગાંધીનગર શાખાના વેદાંત જાની અને તીર્થરાજ જાનીએ અનુક્રમે બીજા અને ત્રીજા નંબરનું સ્થાન મેળવી ગાંધીનગર શાખાનું ગૌરવ વધાર્યું છે. શાખાના તમામ સભ્યોએ તેઓ ઉત્તરોત્તર સફળતા મેળવતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

પાટનગરની શરમજનક ઘટના

શિક્ષકે વિદ્યાર્થીનીને બ્લેકમેઈલ કરી વારંવાર બળાત્કાર ગુજાર્યો

ગુજકેટની તૈયારી કરવાના બહાને કલાસીસમાં બોલાવી બળાત્કાર ગુજાર્યા બાદ ફોટો પાડી લીધા અને હવે કોઈને કહીશ કે હું બોલાવું ત્યારે નહીં આવે તો ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપી નરાધમ શિક્ષકે બળાત્કાર ગુજાર્યા : કંટાળી ગયેલી વિદ્યાર્થીનીએ આપઘાતનો પ્રયાસ કરતા ઘટના બહાર આવી : સે-૨૧ પોલીસે શિક્ષકની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૦

રાજયના પાટનગરમાં એક વિચિત્ર અને શરમજનક ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરમાં જ રહેતી એક વિદ્યાર્થીનીને શહેરના કેમેસ્ટ્રી શિક્ષકે ધોરણ-૧૨ કર્યા બાદ ગુજકેટની તૈયારી કરવા માટે પોતાના કલાસીસમાં બોલાવીને મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર બાદ ફોટો પાડી લઈને જો કયાંય આ ઘટનાની વાત કરશે કે તે બોલાવે ત્યારે નહીં આવે તો ફોટો વાયરલ કરી દેવાની ધમકી આપીને બ્લેકમેઈલ કરી ત્રણ વર્ષથી બળાત્કાર ગુજારતો હતો. કંટાળી ગયેલી આ વિદ્યાર્થીનીએ આખરે પોતાના ઘરે પંખે દુપટ્ટો બાંધી આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો અને માતાનું ધ્યાન પડી ગયું અને બચાવી લીધી ત્યાર બાદ સમગ્ર ઘટના બહાર આવી હતી. આ મામલે આખરે પોલિસ ફરિયાદ થતા સે-૨૧ પોલિસે નરાધમ કૃત્ય આચરનાર શિક્ષકની ધરપકડ કરી લઈને ઉંડી પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૪માં ધો-૧૨માં શહેરની એક શાળામાં અભ્યાસ કરતી શહેરની વિદ્યાર્થીનીને શાળાના શિક્ષક કે જે પોતાના ઘરે સેકટર-૨૬માં કેમેસ્ટ્રી કલાસીસ ચલાવે છે તેના સંપર્કમાં આવી હતી. તેણે ગુજકટની તૈયારી કરવા પોતાના કલાસીસમાં આવવા કહીને બોલાવી હતી. બોર્ડની પરીક્ષા બાદ એપ્રિલ ૨૦૧૪માં સાંજે છ વાગ્યાના અરસામાં વિદ્યાર્થીનીને ફોન કરીને પોતાના કલાસીસમાં ગુજકેટની તૈયારી કરવા બોલાવ્યા બાદ કલાસીસનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને મરજી વિરૂધ્ધ વિદ્યાર્થીનીને નીચે સીધી સુવડાવી દઈ બળજબરી પૂર્વક બળાત્કાર ગુજારી લીધો હતો તે જ સમયે શિક્ષકે તેના મોબાઈલમાં વિદ્યાર્થીનીના ફોટા પાડી લીધા અને કહ્યું હતું કે 'તું કોઈને વાત કરતી નહી અને હું બોલાવું ત્યારે તારે મારી પાસે આવી જવાનું નહીતર તારા આ ફોટા વાયરલ કરી નાંખીશ.' ત્યારથી અવારનવાર બ્લેકમેઈલ કરીને બળાત્કાર ગુજારનાર શિક્ષકે વિદ્યાર્થીનીને એ હદે હેરાન કરી નાંખી હતી કે તેણીએ બે દિવસ પહેલા જ પોતાના ઘરે પંખે દુપટ્ટો બાંધી આપઘાત કરવાનો પ્રયત્ન કરી લીધો હતો. ગળે ફાંસો ખાવા પંખે દુપટ્ટો બાંધી લટકવા જતી વખતે અવાજ થતા માતાએ તેણીના રૂમમાં જઈ જોયું તો ખબર પડી કે દિકરી ગળે ફાંસો ખાવાનો પ્રયત્ન કરતી હતી. તાત્કાલીક દિકરીને બચાવી લઈને માતા-પિતાએ આ પગલું ભરવાનું કારણ પુછતા દિકરી ચોધાર આંસુએ રડી પડી હતી અને ત્રણ વર્ષથી પોતાના જ સાહેબના બળાત્કારનો ભોગ બનતી હોવાની દુ:ખભરી વાત વાલી સમક્ષ રજુ કરી હતી. નરાધમ શિક્ષક સામે પોલિસ ફરિયાદ કરવાનો નિર્ણય લઈ વિદ્યાર્થીનીએ સે-૨૧ પોલિસ મથકમાં સે-૨૬ કિસાનનગરમાં મયંક પટેલ કેમેસ્ટ્રી કલાસીસ ચલાવતા અને સેકટર-૨૭માં રહેતા શિક્ષક મયંક ડાહ્યાભાઈ પટેલ સામે ફરીયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી પી.આઈ. જતીન પ્રજાપતિએ શિક્ષકની તેના ઘરેથી જ ધરપકડ કરી લીધી છે. શિક્ષકના રિમાન્ડ મેળવવા પોલિસે તજવીજ શરુ કરી છે.

@ગાંધીનગર

પ્રથમ નોરતું

● સે-૨૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ખુશી ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રાનુભાઈ શિકારી દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે દિલીપભાઈ ઠાકોર મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે સવારે ૭.૦૦ કલાકે વરઘોડો નીકળશે અને રાત્રે ૮.૩૦ કલાકે જુગલબંધી મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે ઝનકાર મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા ગરબાની રંગત જામશે.

●●●●●

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો પ્રજ્ઞાબેન જોશી, ગીતાંજલી ફલેટ, સે-૨૮ ખાતે બપોરે ૩.૩૦ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો ઉષાબેન ત્રિવેદી, સે-૧-સી પ્લોટ નં. ૨૯૨/૧ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો ૨ થી ૫ દરમિયાન રક્ષાબેન વિનોદકુમાર ઠાકર, પ્લોટ નં. ૧૦૨, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, જીઈબી રોડ, તરપોજવાસ-પેથાપુર ખાતે યોજાશે.

એનઆઈસીએમ ખાતે ફેશર પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ સર્કલ પાસે આવેલ શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ ખાતે તાજેતરમાં ફેશર પાર્ટી ૨૦૧૭ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ બોલીવુડ થીમ આયોજીત પાર્ટીમાં ગીત-સંગીત, નૃત્ય, નાટક સહિત વિવિધ કૃતિઓ રજુ કરી હતી.

એનઆઈસીએમ ખાતે દર વર્ષે નવા એડમીશન બાદ પ્રવેશ મેળવતા નવા ફેશર સ્ટુડન્ટસને તેમના સિનિયર સ્ટુડન્ટસ પાર્ટી આપીને સ્વાગત કરે છે. ત્યારે સંસ્થાના ડાયરેકટર ડો. બી.કે.નિરમલ તથા આસિટન્ટ પ્રોફેસર યશ ભટ્ટના સહયોગથી વિદ્યાર્થીઓએ બોલીવુડ થીમ પર પાર્ટી રાખવામાં આવી હતી. ફેશર પાર્ટીમાં સીન્ગીંગ, ડાન્સ, તથા ડ્રામાના પરફોમન્સ યોજાયા હતા. ત્યારબાદ બોલીવુડ થીમ પર ફેશન શો રાખવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વસ્ત્ર પરિધાન કરીને અન્ય ઉપસ્થિત મહેમાનોના મન મોહી લીધા હતા. ફેશન શો માં દિપ માલવીયાને મીસ્ટર અને મનાલી પટેલને મીસ ફેશરનો ખિતાબ આપી નવાજવામાં આવ્યા હતા.જયારે પાર્ટી પૂર્ણ થયા બાદ ડીજેના તાલે વિવિધ જુના તેમજ નવા ફિલ્મી ગીતો પર વિદ્યાર્થીઓ મનમુકીને ઝુમી ઉઠ્યા હતા.

વીજ વપરાશકારોને અંધારામાં રાખીને ફયુઅલ ચાર્જમાં વધારો કરાયો : યુનિટ દીઠ ૧૯ પૈસા વધ્યા

ગાંધીનગર, તા.૨૦

પાટનગર તેમજ આસપાસના રહીશોને ટોરેન્ટ પાવર દ્વારા વિજ પુરવઠો મળે છે. જે નિયમિત મળતો રહેવાથી ફરિયાદનો અવકાશ નથી. વીજ વપરાશ અંગે રહીશોને પ્રતિ બે માસે વીજબીલ મળે છે. જે ઉપર એક નજર કરતાં જણાશે કે જુલાઈ ૨૦૧૭ના માસમાં ફયુઅલ ચાર્જ દર પ્રતિ યુનિટે ૧૨૭ પૈસા દર્શાવેલ છે તે સપ્ટેમ્બર ૨૦૧૭માં પ્રતિ યુનિટે ૧૯ પૈસા વધારો કરી ૧૪૬ પૈસા દર્શાવેલ છે. આમ વીજ વપરાશકારો અંધારામાં રહ્યા અને વધારાનો બોજ સહન કરવાનો આવ્યો. ટોરેન્ટ કંપની વીજ વપરાશકારોને 'અચ્છે દિન' કયારે બતાવશે તે તો સમય જ જણાવી શકશે.

વાતવાતમાં

● નવરાત્રિની પૂર્વ સંધ્યાએ ગરબા આયોજકો મોડી રાત સુધી મેદાન પર વ્યવસ્થા ગોઠવવામાં વ્યસ્ત રહ્યા હતા. ગત વર્ષે નવરાત્રિમાં વરસેલા વરસાદના અનુભવે આ વર્ષે નાનામાં નાની બાબતો અંગે આયોજકો કાળજી લઈ રહ્યા છે.

● વરસાદના જોખમને પગલે નવા ચણિયાચોળી ખરીદવા કે મોંઘુ ભાડુ ચુકવી ભાડે લાવવા તે અંગે ખેલૈયાઓ મુંઝવણમાં હતા જેના કારણે ઘરાકી અપેક્ષા કરતા ઓછી રહેવા પામી હતી. જેના લીધે ચણિયાચોળી-કેડિયાના ભાવોમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું માલુમ પડયું છે.

● હવે નોટબંધીનું અને જીએસટીનું ગ્રહણ નવરાત્રિને પણ લાગ્યું છે. નોટબંધીને કારણે આયોજકોને સ્પોન્સરશીપના ફાંફા પડી ગયા છે તો બીજી તરફ ૧૮ ટકા જીએસટી લાગુ પડવાને કારણે પાસના ભાવમાં પણ ધરખમ વધારો થયેલો જોવા મળતા ખેલૈયાઓમાં નિરાશા જોવા મળી રહી છે.

આઈ લવ માય ગાંધીનગર

જયેન્દ્ર ઠાકોરલાલ સોની

ગાંધીનગર ગમે

સુંદર, હરિયાળું અને સારા લોકોનું નગર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

નગરજનો

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

સર્વ નેતૃત્ત્વ ગ્રૂપ, શિવરંજની, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

કલા સંવર્ધન માટે કલા તાલીમની જરૂરિયાત હું મહેસૂસ કરી રહ્યો છું.

નગર માટે હું કરી શકું

કલા સંવર્ધન અને વ્યક્તિત્વ વિકાસ માટે હું મારી સઘળી સેવાઓ શહેરને આપવા માટે તૈયાર, તત્પર છું.

એસટી બસ થોભાવવા પોલીસની સાયરને બસના મુસાફરોના જીવ ઉંચા કર્યા...!!!

ગાંધીનગર, તા.૨૧

પોલીસની સાયરન વાગતી હોય એટલે સામાન્ય માણસના મનમાં 'ફડક' પેદા થઈ જાય છે, એમાં પણ જયારે તમારા વાહનની પાછળ પોલીસનું વાહન સાયરન વગાડતું વગાડતું આવે એટલે તમારા ધબકાર ના વધે તો જ નવાઈ..!! આજે પેથાપુરથી રાંધેજા તરફ બનેલા આવા જ એક બનાવને પગલે એક એસટી બસના મુસાફરોના જીવ ઉંચા થઈ જવા પામ્યા હતા. જેમાં પોલીસની એક પીસીઆર વાને બસનો પીછો કર્યો હતો.

એક તરફ વડાપ્રધાન નેતાઓ દ્વારા લાલ લાઈટ અને સાયરન સાથે રોફ ના ઝાડે તે માટે તેને હટાવડાવે છે જયારે બીજી તરફ ગાંધીનગરની પોલીસ તેને ગુનાખોરી ડામવા માટે આપવામાં આવેલ સાઈરનનો ઉપયોગ પોતાની સહુલિયત માટે કરી રહી છે જેના કારણે નિર્દોષ મુસાફરોને ચિંતાગ્રસ્ત બનવું પડે છે. ઘટનાની વિગતમાં એવું છે કે આજે ઉત્તર ગુજરાતના કોઈ મુખ્ય સ્થળ તરફ જતી એક એસ.ટી. બસ જયારે ગાંધીનગરથી પેથાપુર ચોકડી થઈ રાંધેજા તરફ જઈ રહી હતી ત્યારે પોલીસની એક પીસીઆર વાન સાયરન સાથે પીછો કરવા લાગી હતી સતત સાયરનને કારણે બસ ડ્રાઈવરે બસને સાઈડમાં થોભાવી હતી ત્યારે પોલીસે સાયરન સાથે પીછો કરી બસ ઉભી રાખી હોવાનું માલમુ પડતા મુસાફરો ચિંતાગ્રસ્ત બન્યા હતા. જો કે પોલીસની ગાડી આવી અને તેમાંથી એક પોલીસ કર્મીએ ઉતરી બસમાં જગ્યા લીધી ત્યારે ખબર પડી કે આ તો બસ પકડવા માટે બધી મથામણ હતી છેવટે મુસાફરોને હાશકારો થયો હતો.

સે-૩માં શૈક્ષણિક સંકુલો આસપાસ ટ્રાફિક જામની સમસ્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના સેકટર-૩માં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે. સેકટરમાં ખાસ કરીને શૈક્ષણિક સંકુલોની આસપાસ શાળાઓ શરુ થવાના કે છુટવાના સમયે ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાઈ રહી હોવાથી આ સમય દરમિયાન ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક કર્મીઓની વ્યવસ્થા કરાય તેવી માંગ ઉઠવા પામી છે. હાલ ટ્રાફિક જામના લીધે નાના બાળકો અકસ્માતનો ભોગ બને તેવી ભીતિ સર્જાઈ રહી છે.

શહેરમાં મોટા ભાગના શૈક્ષણિક સંકુલોની આસપાસ શાળા-કોલેજો છુટવાના કે પ્રારંભ થવાના સમયે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. જેનાથી વિદ્યાર્થીઓના તથા રાહદારીઓના અકસ્માતની શકયતા વધી જાય છે તથા વિદ્યા સંકુલની બહાર આ સ્થિતિ જોઈ આપણને વિચાર આવે કે જો થોડી શિસ્તનો અમલ કરાય તો આ પરિસ્થિતિને નિવારી શકાય.

આ જ પરિસ્થિતિ હવે સેકટર-૩માં પણ ઉભી થવા પામી છે. જાણીતા શૈક્ષણિક સંકુલમાં નિયત સમયે જયારે શાળા છુટવાનો સમય હોય ત્યારે વિદ્યાર્થીઓ સાયકલ તથા ગીયરલેસ ટુ વ્હીલર્સનો ઉપયોગ કરતા હોવાથી રોડ પરના ટ્રાફિકમાં વધારો થવા પામે છે. એક તરફ પગે ચાલીને જતા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં રોડ પર ચાલી રહ્યા હોય ત્યારે બીજી તરફ વિદ્યાર્થીઓના વાહનો તથા સ્થાનિક ટ્રાફિક બધું એક સાથે ભેગુ થઈ જતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. આ સમયે જો ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક કર્મીની વ્યવસ્થા હોય તો અકસ્માતનો ભય ઘટે અને ટ્રાફિકની સમસ્યા ઉકેલી શકાય.

દુ:ખદ અવસાન

સ્વ. કલાવતી રમેશચંદ્ર ભટ્ટનું બેસણું તા. ૨૧-૯-૨૦૧૭ને સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે અમારા નિવાસસ્થાન 'કલામીન', પ્લોટ નં. ૨૫૨/૧, સેકટર-૫-એ, ઓપોઝીટ સી.એન.જી. પમ્પ ગાંધીનગર ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. રસિકલાલ પ્રાણલાલ શાહ, ઉ.વ. ૮૧
- સ્વ. કિશોર પ્રવિણકાન્ત બેલાણી, ઉ.વ. ૬૪
- સ્વ. બચુજી પુંજાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. અનિલકુમાર બહેચરજી ઝાલા, ઉ.વ. ૩૦
- સ્વ. શાંતાબેન ચહેરાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. સુરજબેન મોતીભાઈ ચૌધરી, ઉ.વ. ૮૦

આદ્યશકિતના મહાપર્વ નવરાત્રીનો આજથી મંગલ પ્રારંભ

સવારે શ્રેષ્ઠ મુર્હુતમાં ઘટસ્થાપન કરાશે : આદ્યશકિતના નવસ્વરૂપે પૈકી આજે શૈલપુત્રીનું પૂજન થશે

ગાંધીનગર, તા.૨૦

આદ્યશકિત જગતજનની જગદંબાની અખુટશકિતના મહાનપર્વનો આજે આસો સુદ એકમથી મંગલ પ્રારંભ થયો છે. અષ્ટસિધ્ધિ અને નવનિધિની પ્રાપ્તિ અર્થે આ દૈવી શકિત પર્વનું ખુબ જ મહત્વ રહેલું છે. આજે શ્રેષ્ઠ મુર્હુતમાં ઘટસ્થાપન કરી જપ, તપ, અનુષ્ઠાન અને વ્રત શરુ કરાશે. મા ભગવતીના નવસ્વરૂપોના આ નવ દિવસ દરમિયાન પૂજન અર્ચન કરાશે. જેમાં આજે પ્રથમ સ્વરૂપ એવા શૈલપુત્રીનું પૂજન થશે. જયારે રાત્રીએ ચાચર ચોકમાં રોશનીથી ઝગમગતા મંડપ અને આલીશાન શમિયાણામાં ગરબા અને રાસની રમઝટ સાથે ભવ્ય પર્વનો હરખ હિલોળે ચડશે.

આજથી શુભારંભ થતા નવરાત્રીના શકિત પર્વમાં શકિત એટલે 'શ' તે મંગલ ઐશ્વર્યકારક છે જયારે 'કિત' તે કૃતિ શબ્દમાંથી ત્રપ્રકારનો લોપ થતા વધેલો હોઈ પરાક્રમવાચી છે જેથી ઐશ્વર્ય અને પરાક્રમના સ્વરૂપ ધારણ કરનાર મા દુર્ગા શકિત સ્વરૂપા કહેવાઈ છે. આ શકિત સ્વરૂપાના મહાન પર્વ

નવરાત્રીના મંગલ પ્રારંભે પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી પૂજાય છે. પર્વતરાજ (શૈલરાજ)ના ત્યાં આ દેવી શકિતએ જન્મ લીધો જેથી તેમનું નામ 'શૈલપુત્રી' પડયું હતું. તેઓ નંદી નામના વૃષભ ઉપર સવાર છે. જેમના હાથમાં ત્રિશુલ અને કમળ ધારણ કરેલું છે અને તેમને ત્રણે લોકના જીવ સૃષ્ટિના રક્ષક માન્યા છે. આ પર્વમાં આ સ્વરૂપના પૂજનથી સુખ-સમૃધ્ધિ અને સુવિધાની ઉણપ રહેતી નથી અને ધન ધાન્યથી સંપન્ન બની અનેક પ્રકારની સિધ્ધીઓ અને ઉપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

નવરાત્રી પર્વ દૈવી શકિતને પ્રસન્ન કરવા માટેનું શ્રેષ્ઠ પર્વ હોવાથી ગરબે ઘુમવા પુરતું સિમિત ન રહીને જપ, તપ, વ્રત અને અનુષ્ઠાનનું અનેક ગણું મહત્વ શાસ્ત્રોમાં વર્ણવાયું છે. અખુટ શકિતના ભંડાર સમા આ મહાનપર્વમાં નવ સ્વરૂપો, નવ દિવસ અને નવ રાત્રીનો મંગલ ત્રિવેણી સંગમ રચાય છે. હિંદુ સંસ્કૃતિમાં નવ(૯)નો આંક પૂર્ણ ગણાય છે અને નિર્ગુણનું પ્રતીક પણ છે. બ્રહ્માંડમાં ગ્રહો નવ, પ્રજા ઉત્પત્તિના મનુઓ નવ, દીપ નવ, નવનિધિઓ, નવરત્નો, નવ નાગ, નવ નાડી અને જીવનના નવ રસ. જેથી મા ભગવતીનું આ વ્રત ભગવાન વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા અને ઈન્દ્ર એ પણ કર્યું હતું. શારદીય નવરાત્રીને જેથી કરીને આદ્યશકિતના મહાન પર્વમાં સ્થાન મળેલું છે. અને શ્રધ્ધાળુઓ પુર્ણ ભકિતભાવથી મા દુર્ગાશકિતનું પૂજન અર્ચન કરી આ પર્વમાં ધન-ધાન્ય, પુત્ર, લાભ અને અપાર સંપત્તિને પામે છે. માતૃશકિતની કૃપા થકી સૌ કોઈ ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે તે આ પર્વની સત્યતા છે.